# <u>ખંભાત નગરપાલિકા ખંભાત</u>

## <u>એકઝીકયુટીવ કમીટી ઠરાવ નંબર – ૨૩૪</u>

## <u>તારીખ –૧૪–૧૨–૨૦૨૧</u>

**આથી ઠરાવ કરવામાં આવે છે કે જે તે ખાતાના કર્મચારીશ્રી તેમજ ચીફ ઓફીસરશ્રી ની ભલામણ ધ્યાને લેતા નીચે દર્શાવેલ કર્મચારીઓની તેમના પી.એફ.ખાતા માં જમા થયેલ રકમ માથી પી.એફ.લોન ની માંગણી કરેલ હોવાથી પી.એફ.લોન આપવા તેઓના નામની સામે દર્શાવેલ રકમ મંજુર કરવામાં આવે છે.**

| ક્રમ | નામ | વિગત | રકમ રૂા. |
|---|---|---|---|
| ૧ | હરજીભાઈ શકરાભાઈ રબારી | નોન રીફંડેબલ | **૨૦૦૦૦૦.૦૦** |
| ૨ | દિપકભાઈ રજનીભાઈ હરીજન | પી.એફ.લોન | **૧૫૦૦૦૦.૦૦** |
| ૩ | મણીબેન જાદવભાઈ હરીજન | પી.એફ.લોન | **૧૫૦૦૦૦.૦૦** |
| | | | **૫૦૦૦૦૦.૦૦** |

**ઉપરોકત મંજુર કરવામાં આવેલ પી.એફ.લોન ની રકમ પી.એફ.ખર્ચ ખાતે પાડી ચુકવી આપવા મંજુર કરવામાં આવે છે.**

સહી. અશોકભાઈ વાસુદેવભાઈ કાછીયા

ચેરમેન

એકઝીકયુટીવ કમીટી

ખંભાત નગરપાલિકા, ખંભાત

સહી. રાજેશભાઈ ગુણવંતલાલ રાણા

સહી. ભુપેન્દ્રભાઈ જશુભાઈ પટેલ

સહી. ઉષાબેન પ્રકાશભાઈ બારૈયા

સહી. મનિષકુમાર બેચરલાલ ઉપાધ્યાય

સહી. દિગ્વિજયસિંહ પ્રભાતસિંહ પરમાર

<u>ખંભાત નગરપાલિકા, ખંભાત</u>

<u>એકઝીકયુટીવ કમીટી ઠરાવ નંબર. ૨૩૫</u>

<u>તા.૧૪/૧૨/૨૦૨૧</u>

ખંભાત નગરપાલિકા સંચાલિત માદળા બાગમાં આવેલ એન્ટ્રસની પાસે આવેલ ટીકીટ બારી રૂમની બારીઓમાં તથા વચલી ટેકરી પાસે આવેલ રૂમની બારીમાં ફેબ્રીકેશનની ગ્રીલ લગાડવાના કામની બાગ ખાતામાંથી આવેલ રજૂઆત અન્વયે સદર કામગીરી કરાવવા બાબતે સરકયુલર ટેન્ડર ફેરવી ભાવો મંગાવતા નિયમ સમય મર્યાદામાં સુશીલ વેલ્ડીંગ વર્કસ, કોઠીપાડા, ખંભાતના ભાવો ૧–કિલોના રૂા.૯૦/– લેખે તથા સદર ગ્રીલ સ્થળ ઉપર બારીમાં ફિટીંગ કરવાના ૧–નંગના રૂા.૭૫/– લેખે સૌથી ઓછા આવેલ છે. જે ભાવો મંજુર કરવામાં આવે છે તેમજ આ બાબતે જે કઈ ખર્ચ થાય તે ખર્ચ કરવા મંજુર કરવામાં આવે છે.

સહી. અશોકભાઈ વાસુદેવભાઈ કાછીયા
ચેરમેન
એકઝીકયુટીવ કમીટી
ખંભાત નગરપાલિકા, ખંભાત

સહી. રાજેશભાઈ ગુણવંતલાલ રાણા

સહી. ભુપેન્દ્રભાઈ જશુભાઈ પટેલ

સહી. ઉષાબેન પ્રકાશભાઈ બારૈયા

સહી. મનિષકુમાર બેચરલાલ ઉપાધ્યાય

સહી. દિગ્વિજયસિંહ પ્રભાતસિંહ પરમાર

## ખંભાત નગરપાલિકા, ખંભાત

## એકઝીકયુટીવ કમીટી ઠરાવ નંબર. ૨૩૬

## તા.૧૪/૧૨/૨૦૨૧

ખંભાત નગરપાલિકાને ચોમાસા દરમ્યાન નુકશાન પામેલ રસ્તા (સને ૨૦૨૧–૨૨) હેઠળ પ્રાદેશિક કમિશ્નર કચેરી, વડોદરાના પત્ર નં.પ્રા.ક./SJMMSVY (UDP-78) /૨૦૨૧–૨૨/ખંભાત/વ.હુ./ ૨૦૨૧/૧૦૮૫ તા.૨૨/૧૦/૨૧ થી "(૧) કૃષ્ણ સ્વીટ માર્ટ સામે વ્હોરવાડ નાકાથી એમ.ટી. હાઈસ્કુલ તરફ આર.સી.સી.રસ્તાનું કામ (૨) ઝંડાચોક ત્રણ રસ્તાથી સરદાર ટાવર તરફ આર.સી.સી. રસ્તાનું કામ (૩) પટેલ ભુવન સામે કુમાર શાળા થી હયાત વાંસડાવાડ રોડ તરફ આર.સી.સી.રસ્તાનું કામ (૪) આવકાર હોટલથી ચિતારી બજાર ચાર રસ્તા સુધી આર.સી.સી.રસ્તાનું કામ" ની કામગીરી રૂા.૬૦,૪૨,૭૫૦/– પ્રમાણેની વહિવટી મંજુરી મળેલ. આ અંગે નગરપાલિકાના કન્સલ્ટન્ટશ્રી સી.એમ.એન્જીનીયરીંગ મારફતે જરૂરી ટેન્ડર પેપર તૈયાર કરાવી આ અંગે બીજા પ્રયત્ન હેઠળની જાહેરાત "સંદેશ" પેપરમાં તા.૧૪/૧૧/૨૦૨૧ ના રોજ પ્રસિધ્ધ કરી ઓનલાઈન એન–કોડ શોલ્યુશન મારફતે ઈ–ટેન્ડરીંગ કરી ભાવપત્રકો મંગાવવાની કાર્યવાહી કરવામાં આવેલ. આ બાબતે એન–કોડ શોલ્યુશનના ઈ–ટેન્ડરીંગનો ખર્ચ મંજુર કરવામાં આવે છે. તથા સદર કામગીરી અંગે ત્રણ એજન્સીના પ્રાઈઝબીડ ઓપન કરતા કેવીન એન્ટરપ્રાઈઝ, ગાંધીનગરના અંદાજીત રકમ રૂા.૫૮,૬૬,૬૨૬/– થી ૫.૧૩% ઓછા પ્રમાણે સૌથી ઓછા આવેલ હોઈ જે મંજુર કરવા મે.પ્રમુખશ્રીએ તા.૨૬–૧૧–૨૦૨૧ ના રોજ કારોબારી સમિતિની મંજુરીની અપેક્ષાએ મંજુર કરેલ જે મંજુર કરવામાં આવે છે. તથા બાકીની એજન્સીને અર્નેસ્ટમની પરત કરવા મંજુર.

સહી. અશોકભાઈ વાસુદેવભાઈ કાછીયા
ચેરમેન
એકઝીકયુટીવ કમીટી
ખંભાત નગરપાલિકા, ખંભાત

સહી. રાજેશભાઈ ગુણવંતલાલ રાણા
સહી. ભુપેન્દ્રભાઈ જશુભાઈ પટેલ
સહી. ઉષાબેન પ્રકાશભાઈ બારૈયા
સહી. મનિષકુમાર બેચરલાલ ઉપાધ્યાય
સહી. દિગ્વિજયસિંહ પ્રભાતસિંહ પરમાર

## ખંભાત નગરપાલિકા, ખંભાત

## એકઝીકયુટીવ કમીટી ઠરાવ નંબર. ૨૩૭

## તા.૧૪/૧૨/૨૦૨૧

૧૪મું નાણાપંચની ગ્રાન્ટ અન્વયે જનરલ બોર્ડ ઠ.નં.૧૩ / તા.૧૪–૧૦–૧૯ થી વિકાસના કામો અંગેની સત્તા મે.પ્રમુખ સાહેબ, કારોબારી ચેરમેનશ્રી તથા આપ સાહેબશ્રીને સત્તા આપેલ છે. આ બાબતે મે.પ્રમુખ સાહેબશ્રીએ જણાવેલ "વિકાસ કામો તથા અન્વય કામો તથા પ્રગતિના હિસાબો તથા તમામ વિકાસના કાર્યો ઉપર કોમ્પ્યુટર/મોબાઈલ/ટેલીવિઝનના માધ્યમથી ૨૪×૭ દેખરેખ રાખી શકાય તે હેતુ માટે નવું સોફટવેર ખરીદવાનું કામ" કરવા જણાવેલ છે. આ અંગેની જાહેરાત "સંદેશ" પેપરમાં તા.૩૦/૧૧/૨૦૨૧ ના રોજ પ્રસિધ્ધ કરી ઓન–લાઈન એન–કોડ શોલ્યુશન મારફતે ઈ–ટેન્ડરીંગ કરી ભાવપત્રકો માંગવવાની કાર્યવાહી કરવામાં આવેલ. આ બાબતે એન–કોડ શોલ્યુશન ના ઈ–ટેન્ડરીંગનો ખર્ચ મંજુર કરવામાં આવે છે. આ બાબતે નિયત સમય મર્યાદામાં ત્રણ એજન્સીના ફિઝીકલ ડોકયુમેન્ટ આવેલ આ અંગે નગરપાલિકાના કન્સલ્ટન્ટશ્રી સી.એમ.એન્જીનીયરીંગ મારફતે ઈવોલ્યુશન રીપોર્ટ રજુ થયેલ જેમાં ત્રણેય એજન્સી કવોલીફાય થતી હોઈ જે અંગે ત્રણેય એજન્સીના પ્રાઈઝબીડ ઓપન કરતા મર્કયુરી ઈન્ફોવે, અમદાવાદના ભાવો રૂા.૨૫,૫૫,૦૦૦/– ઓછા પ્રમાણે સૌથી ઓછા આવેલ. આ અંગે ભરેલ ભાવોમાં એજન્સી દ્વારા નેગોશીએશન કરતા તેઓએ ભરેલ ભાવ રૂા.૨૫,૫૫,૦૦૦/– થી ૧૦.૨૯% ઓછા મુજબ રૂા.૨૨,૯૨,૦૦૦/– પ્રમાણે કામગીરી કરવા સમંતી આપેલ હોઈ જે મંજુર કરવામાં આવે છે. તથા બાકીની એજન્સીને અર્નેસ્ટમની પરત કરવા મંજુર.

સહી. અશોકભાઈ વાસુદેવભાઈ કાછીયા
ચેરમેન
એકઝીકયુટીવ કમીટી
ખંભાત નગરપાલિકા, ખંભાત

સહી. રાજેશભાઈ ગુણવંતલાલ રાણા
સહી. ભુપેન્દ્રભાઈ જશુભાઈ પટેલ
સહી. ઉષાબેન પ્રકાશભાઈ બારૈયા
સહી. મનિષકુમાર બેચરલાલ ઉપાધ્યાય
સહી. દિગ્વિજયસિંહ પ્રભાતસિંહ પરમાર

## ખંભાત નગરપાલિકા, ખંભાત

## એકઝીકયુટીવ કમીટી ઠરાવ નંબર. ૨૩૮

## તા.૧૪/૧૨/૨૦૨૧

ખંભાત નગરપાલિકા સંચાલિત માદળા તળાવમાં બોટીંગની સુવિધાના સંચાલનની કામગીરી ત્રિસ્ટાર એન્ટરપ્રાઈઝ, વડોદરા દ્વારા ચાલે છે. જેમાં ઈન્સ્યોરન્સ બાબતે કારોબારી કમીટી ઠરાવ નં.૯૩ / તા.૨૯–૦૯–૨૦૨૦ માં ક્રમ નં.૭ ની શરતમાં "બોટીંગ માટે ૧.૨૫/– કરોડનો ઈન્સ્યોરન્સ સંચાલકે ખંભાત નગરપાલિકાના નામનો લેવાનો રહેશે. જેનું પ્રિમીયમના હપ્તા નગરપાલિકા જમા કરાવશે." આ બાબતે ઈન્સ્યોરન્સ કંમ્પની The New India Assurance Ltd. માં ઈન્સ્યોરન્સ લેવા મંજુર તથા ઈન્સ્યોરન્સની કામગીરી Unicon Insurance Broking Services Private Limited, Vadodara કરે છે. જેનો તા.૦૩–૧૨–૨૦૨૧ નો પત્ર મુજબ તેઓ પાસે ૧૨૫/– લાખના ઈન્સ્યોરન્સની કામગીરી કરાવવા મંજુર તથા તેનું પ્રિમીયમ રૂા.૯૦,૦૦૦/– નો ખર્ચ મંજુર કરવામાં આવે છે.

સહી. અશોકભાઈ વાસુદેવભાઈ કાછીયા
ચેરમેન
એકઝીકયુટીવ કમીટી
ખંભાત નગરપાલિકા, ખંભાત

સહી. રાજેશભાઈ ગુણવંતલાલ રાણા
સહી. ભુપેન્દ્રભાઈ જશુભાઈ પટેલ
સહી. ઉષાબેન પ્રકાશભાઈ બારૈયા
સહી. મનિષકુમાર બેચરલાલ ઉપાધ્યાય
સહી. દિગ્વિજયસિંહ પ્રભાતસિંહ પરમાર

## ખંભાત નગરપાલિકા, ખંભાત

## એકઝીકયુટીવ કમીટી ઠરાવ નંબર. ૨૩૯

## તા.૧૪/૧૨/૨૦૨૧

ખંભાત નગરપાલિકાને યુ.ડી.પી (સને ૨૦૧૯–૨૦) હેઠળ પ્રાદેશિક કમિશ્નર કચેરી, વડોદરાના પત્ર નં.પ્રા.ક./ન.પા–ખંભાત/વ.મં./યુડીપી–૮૮/૨૦૧૯–૨૦/ ૧૦૫૨/૨૦૨૧ તા.૨૭/૧૦/૨૧ થી "વોર્ડ–૫,૭ તથા જનરલ કામો જુદા–જુદા વિસ્તારમાં સી.સી.રસ્તાનું કામ" ની વહિવટી મંજુરી મળેલ. આ અંગે નગરપાલિકાના કન્સલ્ટન્ટશ્રી સી.એમ.એન્જીનીયરીંગ મારફતે જરૂરી ટેન્ડર પેપર તૈયાર કરાવી આ અંગે બીજા પ્રયત્ન હેઠળની જાહેરાત "સંદેશ" પેપરમાં તા.૨૬/૧૧/૨૦૨૧ ના રોજ પ્રસિધ્ધ કરી ઓનલાઈન એન–કોડ શોલ્યુશન મારફતે ઈ–ટેન્ડરીંગ કરી ભાવપત્રકો મંગાવવાની કાર્યવાહી કરવામાં આવેલ. આ બાબતે એન–કોડ શોલ્યુશનના ઈ–ટેન્ડરીંગનો ખર્ચ મંજુર કરવામાં આવે છે. તથા સદર કામગીરી અંગે ત્રણ એજન્સીના પ્રાઈઝબીડ ઓપન કરતા મહેશ કંન્સ્ટ્રકશન કંપની, વડોદરાના અંદાજીત રકમ રૂા.૧,૬૦,૦૯,૬૧૩/– થી ૧૦.૫૧% ઓછા પ્રમાણે સૌથી ઓછા આવેલ હોઈ જે મંજુર કરવામાં આવે છે. તથા બાકીની એજન્સીને અર્નેસ્ટમની પરત કરવા મંજુર.

સહી. અશોકભાઈ વાસુદેવભાઈ કાછીયા
ચેરમેન
એકઝીકયુટીવ કમીટી
ખંભાત નગરપાલિકા, ખંભાત
સહી. રાજેશભાઈ ગુણવંતલાલ રાણા
સહી. ભુપેન્દ્રભાઈ જશુભાઈ પટેલ
સહી. ઉષાબેન પ્રકાશભાઈ બારૈયા
સહી. મનિષકુમાર બેચરલાલ ઉપાધ્યાય
સહી. દિગ્વિજયસિંહ પ્રભાતસિંહ પરમાર

**ખંભાત નગરપાલિકા, ખંભાત**

**એકઝીકયુટીવ કમીટી ઠરાવ નંબર. ૨૪૦**

**તા.૧૪/૧૨/૨૦૨૧**

**ખંભાત નગરપાલિકાને યુ.ડી.પી (સને ૨૦૨૦–૨૧) હેઠળ પ્રાદેશિક કમિશ્નર કચેરી, વડોદરાના પત્ર નં.પ્રા.ક./ કવોંકઅથ (યુડીપી–૮૮)/ ૨૦૨૦–૨૧/ ખંભાત/ વ.હુ./ ૨૦૨૧/ ૧૦૪૩ તા.૨૬/૧૦/૨૧ થી "વોર્ડ–૧,૨,૩,૪,૬,૯ ના જુદા–જુદા વિસ્તારમાં સી.સી.રસ્તાનું કામ" હેઠળ રૂા.૧,૪૩,૯૫,૫૦૦/– ની વહિવટી મંજુરી મળેલ. આ અંગે નગરપાલિકાના કન્સલ્ટન્ટશ્રી સી.એમ.એન્જીનીયરીંગ મારફતે જરૂરી ટેન્ડર પેપર તૈયાર કરાવી આ અંગે બીજા પ્રયત્ન હેઠળની જાહેરાત "સંદેશ" પેપરમાં તા.૨૬/૧૧/૨૦૨૧ ના રોજ પ્રસિધ્ધ કરી ઓનલાઈન એન–કોડ શોલ્યુશન મારફતે ઈ–ટેન્ડરીંગ કરી ભાવપત્રકો મંગાવવાની કાર્યવાહી કરવામાં આવેલ. આ બાબતે એન–કોડ શોલ્યુશનના ઈ–ટેન્ડરીંગનો ખર્ચ મંજુર કરવામાં આવે છે. તથા સદર કામગીરી અંગે ચાર એજન્સીના પ્રાઈઝબીડ ઓપન કરતા ચીમનલાલ વી.મીસ્ત્રી, ખંભાતના અંદાજીત રકમ રૂા.૧,૩૮,૪૧,૬૪૭/– થી ૧૧.૬૭% ઓછા પ્રમાણે સૌથી ઓછા આવેલ હોઈ જે મંજુર કરવામાં આવે છે. તથા બાકીની એજન્સીને અર્નેસ્ટમની પરત કરવા મંજુર.**

**સહી. અશોકભાઈ વાસુદેવભાઈ કાછીયા**
**ચેરમેન**
**એકઝીકયુટીવ કમીટી**
**ખંભાત નગરપાલિકા, ખંભાત**
**સહી. રાજેશભાઈ ગુણવંતલાલ રાણા**
**સહી. ભુપેન્દ્રભાઈ જશુભાઈ પટેલ**
**સહી. ઉષાબેન પ્રકાશભાઈ બારૈયા**
**સહી. મનિષકુમાર બેચરલાલ ઉપાધ્યાય**
**સહી. દિગ્વિજયસિંહ પ્રભાતસિંહ પરમાર**

# ખંભાત નગરપાલિકા, ખંભાત

## એકઝીકયુટીવ કમીટી ઠરાવ નંબર. ૨૪૧

## તા.૧૪/૧૨/૨૦૨૧

જિલ્લા આયોજન કચેરીના પત્ર ક્રમાંક : વજઅ/૧૦૨૦૨૦/૧૬૭૫/ય તા.૦૪/૦૫/૨૦૨૧ થી ખંભાત નગરપાલિકાને વિકેન્દ્રીત જિલ્લા આયોજન યોજના અન્વયે રૂા.૨૫/– લાખની ગ્રાન્ટ ફાળવેલ. સદર બાબતે જિલ્લા આયોજન કચેરીના પત્ર નં.આયોજન/ખંભાત/સૈ.સ્વીકાર/૨૧–૨૨/વશી/૨૬૪ તા.૧૯/૦૮/૨૦૨૧ થી નીચેના કામોને સૈધ્ધાતિક મંજુરી મળેલ. સદર બાબતે નીચે મુજબના કામો પૈકી અનં.નં.૨ થી ૫ ના કામો રદ કરવા ઠરાવવામાં આવે છે.

| નં. | કામનું નામ | અંદાજીત રકમ |
|---|---|---|
| ૧ | ખંભાત નગરપાલિકા વોટર વર્કસ માટે કલોરીનેશન પ્લાન્ટ ફીટ કરવાની કામગીરી | ૫૨૯૩૦૦.૦૦ |
| ૨ | ખંભાત સ્મશાનમાં ગેસ આધારિત ભઠ્ઠીમાં પ્રાયમરી અને સેકન્ડરી ચેમ્બર બનાવવાનું કામ | ૪૮૪૫૦૦.૦૦ |
| ૩ | ખંભાત સ્મશાનમાં ગેસ આધારિત ભઠ્ઠી માટે હાઈડ્રોલીક ટ્રોલી બનાવવાનું કામ | ૪૭૦૬૦૦.૦૦ |
| ૪ | ખંભાત સ્મશાનમાં ગેસ આધારિત ભઠ્ઠીમાં ગેસ બર્નર કંટ્રોલ સીસ્ટમ સાથે બનાવવાનું કામ | ૪૪૦૪૦૦.૦૦ |
| ૫ | ખંભાત સ્મશાનમાં ગેસ આધારિત ભઠ્ઠી માટે ૪૦ ફુટ ચીમની લગાવવાની કામગીરી | ૮૭૧૦૦.૦૦ |
| | | ૨૦૧૧૯૦૦.૦૦ |

આ બાબતે ઉપરોકત રદ કરેલ કામોની સામે રૂા.૧૯,૭૦,૭૦૦/– ના નીચે મુજબના કામો સૈધ્ધાતિંક મંજુર અર્થે જિલ્લા આયોજન કચેરી, આણંદ ખાતે મોકલી આપવા ઠરાવવામાં આવે છે.

| નં. | કામનું નામ | અંદાજીત રકમ |
|---|---|---|
| ૧ | ખંભાત નગરપાલિકા વોટર વર્કસ માટે પોલ્ડર પંમ્પ ખરીદવાનું કામ | ૮૨૨૬૦૦.૦૦ |
| ૨ | ખંભાત નગરપાલિકા વોટર વર્કસ માટે ટયુબવેલ માટે સબમર્શીબલ પંમ્પ ખરીદવાનું કામ | ૩૬૫૯૦૦.૦૦ |

| | | |
|---|---|---|
| 3 | ખંભાત નગરપાલિકા વોટર વર્કસ માટ ૨૫૦ કે.વી. ટ્રાન્ફોમર ખરીદવાની કામગીરી | ૮૨૭૦૦૦.૦૦ |
| | | ૨૦૧૫૫૦૦.૦૦ |

સહી. અશોકભાઈ વાસુદેવભાઈ કાછીયા
ચેરમેન
એકઝીકયુટીવ કમીટી
ખંભાત નગરપાલિકા, ખંભાત
સહી. રાજેશભાઈ ગુણવંતલાલ રાણા
સહી. ભુપેન્દ્રભાઈ જશુભાઈ પટેલ
સહી. ઉષાબેન પ્રકાશભાઈ બારૈયા
સહી. મનિષકુમાર બેચરલાલ ઉપાધ્યાય
સહી. દિગ્વિજયસિંહ પ્રભાતસિંહ પરમાર

# ખંભાત નગરપાલિકા – ખંભાત
## એકઝીકયુટીવ કમીટી ઠરાવ નંબર : ૨૪૨
## તારીખ : ૧૪–૧૨–૨૦૨૧

આથી ઠરાવ કરવામાં આવે છે કે ગટર લાઈનના કામ માટે સેનિટેશન ખાતામાં બે નંગ મળપંપ છે, જેની ગ્રીન સેકશન પાઈપો ખરાબ થઈ ગયેલ અને શીવમ સોસાયટી પાસેના કાસમાં ગટરની મેઈન લાઈનની પાઈપ બદલવામાં પાણી ખાલી કરવા માટે તાત્કાલિક ૨૦૦ ફુટ (બેરોલ) ગ્રીન સેકશન પાઈપ તીર્થ એન્ટરપ્રાઈઝ પાસેથી તાત્કાલિક ખરીદ કરેલ જેના એક ફુટના રૂા.૫૦/– લેખે કુલરૂા.૧૦,૦૦૦/–નો થયેલ ખર્ચ ચુકવવા મંજુર કરવામાં આવે છે.

સહી. અશોકભાઈ વાસુદેવભાઈ કાછીયા
ચેરમેન
એકઝીકયુટીવ કમીટી
ખંભાત નગરપાલિકા, ખંભાત

સહી. રાજેશભાઈ ગુણવંતલાલ રાણા
સહી. ભુપેન્દ્રભાઈ જશુભાઈ પટેલ
સહી. ઉષાબેન પ્રકાશભાઈ બારૈયા
સહી. મનિષકુમાર બેચરલાલ ઉપાધ્યાય
સહી. દિગ્વિજયસિંહ પ્રભાતસિંહ પરમાર

# ખંભાત નગરપાલિકા – ખંભાત
## એકઝીકયુટીવ કમીટી ઠરાવ નંબર : ૨૪૩
## તારીખ : ૧૪–૧૨–૨૦૨૧

આથી ઠરાવ કરવામાં આવે છે કે પી.ડબલ્યુ.ડી., સેનીટેશન, ગાર્ડન, વોટર વર્કસ ખાતાના જુદા જુદા કામોમાં એકઝી.કમીટી ઠરાવ નંબર : ૫૫ / તા.૩૧–૫–૨૧ થી જે.સી.બી. ભાડાના વાર્ષિક ભાવો મંજુર થયા મુજબ આ સાથે સામેલ સ્ટેટમેન્ટ મુજબ તા.૨૬–૧૦–૨૧ થી તા.૯–૧૧–૨૧ સુધીમાં કુલ ૧૨૩ કલાક જે.સી.બી. ભાડે સાખેલ જેનો ખર્ચ રૂા.૭૯,૯૫૦/– તથા તા.૧/૧૨/૨૦૨૧ થી ૧૧/૧૨૧૨૦૨૧ સુધીમાં કુલ ૧૦૨ કલાકના રૂા.૬૬,૩૦૦/–નો ખર્ચ મંજુર કરવામાં આવે છે.

સહી. અશોકભાઈ વાસુદેવભાઈ કાછીયા
ચેરમેન
એકઝીકયુટીવ કમીટી
ખંભાત નગરપાલિકા, ખંભાત

સહી. રાજેશભાઈ ગુણવંતલાલ રાણા
સહી. ભુપેન્દ્રભાઈ જશુભાઈ પટેલ
સહી. ઉષાબેન પ્રકાશભાઈ બારૈયા
સહી. મનિષકુમાર બેચરલાલ ઉપાધ્યાય
સહી. દિગ્વિજયસિંહ પ્રભાતસિંહ પરમાર

# ખંભાત નગરપાલિકા – ખંભાત
# એકઝીકયુટીવ કમીટી ઠરાવ નંબર : ૨૪૪
# તારીખ : ૧૪–૧૨–૨૦૨૧

આથી ઠરાવ કરવામાં આવે છે કે એકઝી.કમીટી ઠરાવ નંબર : ૨૯/ તા.૫–૬–૨૦ અંર્તગત ડ્રેનેઝ લાઈન મેન્ટનશ માટે વપરાતું મોટું જેટીંગ મશીન બાબતે નિયુકત કરેલ એજન્સીના તા. ૨૮–૯–૨૧થી ઈન્વર્ડ નંબર : ૨૨૦૪થી જણાવ્યા મુજબ ટ્રકની બેટરી બંધ થઈ ગયેલ હોય સદર જેટીંગ મશીન ગટરોની સફાઈના કામે અગથ્યનું હોય સત્વરે ચાલુ કરવા નવી બેટરીની જરૂરીયાત હોય તા.૧૧–૧૦–૨૦૨૧ના ઠરાવથી તાત્કાલિક નંગ–૧ નવી બેટરી નાંખેલ છે. પરંતુ તેની બીજી બેટરી પણ બદલવાની થતી હોય સરકયુલર ટેન્ડરથી ભાવ મંગાવતા સૌથી ઓછા ભાવ શીવ બેટરીના રૂા.૮૧૫૦/– માંથી જુની બેટરીના રૂા.૧૩૦૦/– બાદ કરી રૂા.૬૮૫૦/–ની કિંમતથી નંખાવવા મંજુર કરવામાં આવે છે.

સહી. અશોકભાઈ વાસુદેવભાઈ કાછીયા
ચેરમેન
એકઝીકયુટીવ કમીટી
ખંભાત નગરપાલિકા, ખંભાત

સહી. રાજેશભાઈ ગુણવંતલાલ રાણા
સહી. ભુપેન્દ્રભાઈ જશુભાઈ પટેલ
સહી. ઉષાબેન પ્રકાશભાઈ બારૈયા
સહી. મનિષકુમાર બેચરલાલ ઉપાધ્યાય
સહી. દિગ્વિજયસિંહ પ્રભાતસિંહ પરમાર

**ખંભાત નગરપાલિકા, ખંભાત.**

**એકઝીકયુટીવ કમીટી ઠરાવ નંબર. ૨૪૫**

**તારીખ.૧૪–૧૨–૨૦૨૧**

આથી ઠરાવ કરવામાં આવે છે કે બાંધકામ વિભાગના રીપોર્ટના આધારે ખંભાત શહેરના જુદા જુદા વિસ્તારમાં ગટરના આર.સી.સી. મેઈન હોલ કવર સાથે જુદી જુદી સાઈઝની જરૂરીયાત મુજબ ચોરસ ફ્રેમ તથા ગોળ ફ્રેમ સાથે મેઈન હોલ કવર સાથે મંગાવવા માટે નયા પડકારમાં જાહેરાત આપવા અને તે અંગે થતો ખર્ચ ચુકવવા મંજુર કરવામાં આવે છે.

સહી. અશોકભાઈ વાસુદેવભાઈ કાછીયા
ચેરમેન
એકઝીકયુટીવ કમીટી
ખંભાત નગરપાલિકા, ખંભાત

સહી. રાજેશભાઈ ગુણવંતલાલ રાણા

સહી. ભુપેન્દ્રભાઈ જશુભાઈ પટેલ

સહી. ઉષાબેન પ્રકાશભાઈ બારૈયા

સહી. મનિષકુમાર બેચરલાલ ઉપાધ્યાય

સહી. દિગ્વિજયસિંહ પ્રભાતસિંહ પરમાર

# ખંભાત નગરપાલિકા, ખંભાત.
## એકઝીકયુટીવ કમીટી ઠરાવ નંબર–૨૪૬
## તારીખ : ૧૪–૧૨–૨૦૨૧

આથી ઠરાવવામાં આવે છે કે ફાયર બ્રિગેડ વિભાગમાં આવેલ સ્કોરપીયો ગાડી નંબર. જીજે ૨૩ જીએ ૦૭૧૭ માં (૧) રેડીયેટર સર્વિસ કામ, (૨) એ.સી. બંધ થઈ ગયેલ છે જેનું રીપેરીગ કામ (૩) તમામ દરવાજા સેટ કરવાનું કામ (૪) ટોટલ સર્વિસ કરવાનું કામ એમ.એમ. વોરા ઓટો મોબાઈલ્સ કંપની લીમીટેડ આણંદ ખાતે કરાવવાની જરૂરીયાત હોઈ તે કામ કરાવવા તથા તે અંગેનો થતો ખર્ચ બીલ આવેથી ચુકવવા આથી ઠરાવવામાં આવે છે.

સહી. અશોકભાઈ વાસુદેવભાઈ કાછીયા
ચેરમેન
એકઝીકયુટીવ કમીટી
ખંભાત નગરપાલિકા, ખંભાત

સહી. રાજેશભાઈ ગુણવંતલાલ રાણા
સહી. ભુપેન્દ્રભાઈ જશુભાઈ પટેલ
સહી. ઉષાબેન પ્રકાશભાઈ બારૈયા
સહી. મનિષકુમાર બેચરલાલ ઉપાધ્યાય
સહી. દિગ્વિજયસિંહ પ્રભાતસિંહ પરમાર

**<u>ખંભાત નગરપાલિકા, ખંભાત.</u>**

**<u>એકઝીકયુટીવ કમીટી ઠરાવ નંબર –૨૪૭</u>**

**<u>તારીખ : ૧૪–૧૨–૨૦૨૧</u>**

આથી ઠરાવવામાં આવે છે કે ફાયર બ્રિગેડ વિભાગમાં આવેલ ટ્રેકટર નંબર. જીજે ૨૩ જીએ ૦૩૯૮ ની એગ્રીસ્ટાર ફાર્મ સર્વિસ ટાફે, મુકામ તારાપુર કંપનીમાં સર્વિસ કરાવવાની જરૂરીયાત છે જેમાં એન્જીન ઓઈલ, હાઈડ્રોલીક ઓઈલ, ગીયર ઓઈલ, ડીઝલ, ઓઈલ ફીલ્ટરો બદલવાની જરૂરીયાત છે તેમજ અન્ય પરચુરણ કામ કરાવવાની જરૂરીયાત છે તે અંગેનો થતો ખર્ચ બીલ આવેથી ચુકવવા આથી ઠરાવવામાં આવે છે.

સહી. અશોકભાઈ વાસુદેવભાઈ કાછીયા
ચેરમેન
એકઝીકયુટીવ કમીટી
ખંભાત નગરપાલિકા, ખંભાત

સહી. રાજેશભાઈ ગુણવંતલાલ રાણા
સહી. ભુપેન્દ્રભાઈ જશુભાઈ પટેલ
સહી. ઉષાબેન પ્રકાશભાઈ બારૈયા
સહી. મનિષકુમાર બેચરલાલ ઉપાધ્યાય
સહી. દિગ્વિજયસિંહ પ્રભાતસિંહ પરમાર

# <u>ખંભાત નગરપાલિકા – ખંભાત</u>
## <u>એકઝીકયુટીવ કમીટી ઠરાવ નંબર. ૨૪૮</u>
## <u>તારીખ. ૧૪–૧૨–૨૦૨૧</u>

આજ રોજ તારીખ. ૧૪–૧૨–૨૦૨૧ ના રોજ મળેલ કારોબારી સમીતીની બેઠકમાં ઠરાવવામાં આવે છે ગુ.ન.પા. અધિનિયમ ૧૯૬૩ની કલમ ૧૧૫, ૧૧૬ અને ૧૧૭ અનુસાર શહેરની ખાનગી મીલકતોની નામ ટ્રાન્સફર અંગેની આવેલ અરજીઓનો ક્રમ ૧ થી ૭૨ મુજબની ટેક્ષ વિભાગ તરફથી ચીફ ઓફીસરશ્રી મારફતે રજુ થયેલ છે જે ચર્ચા વિચારણાની અંતે યોગ્ય જણાવેલ હોઈ સદરહુ અરજીઓ મુજબની તમામ મીલકતોના નામ ટ્રાન્સફર કરવાની મંજુરી આપવામાં આવે છે તદઅનુસારની નોંધ આકારણી રજીસ્ટર અને ડીમાન્ડ રજીસ્ટરે કરવા ચીફ ઓફીસરશ્રીને અધિકૃત કરવામાં આવે છે અને ટેક્ષ વિભાગ વિભાગ તરફથી જાહેરાત આપેલ તેમાં કોઈ વાંધા અરજી આવેલ નથી જેથી નાણાંકીય વર્ષમાં આખરી કરાવેલ ડીમાન્ડ મંજુર રાખવામાં આવે છે અને તે મુજબ અમલવારી કરવાની રહે છે.

સહી. અશોકભાઈ વાસુદેવભાઈ કાછીયા
ચેરમેન
એકઝીકયુટીવ કમીટી
ખંભાત નગરપાલિકા, ખંભાત
સહી. રાજેશભાઈ ગુણવંતલાલ રાણા
સહી. ભુપેન્દ્રભાઈ જશુભાઈ પટેલ
સહી. ઉષાબેન પ્રકાશભાઈ બારૈયા
સહી. મનિષકુમાર બેચરલાલ ઉપાધ્યાય
સહી. દિગ્વિજયસિંહ પ્રભાતસિંહ પરમાર

# ખંભાત નગરપાલિકા – ખંભાત
## એકઝીકયુટીવ કમીટી ઠરાવ નંબર. ૨૪૯
## તારીખ. ૧૪–૧૨–૨૦૨૧

આજ રોજ તારીખ. ૧૪–૧૨–૨૦૨૧ ના રોજ મળેલ કારોબારી સમીતીની બેઠકમાં ઠરાવવામાં આવે છે શહેરની ખાનગી મીલકતો જે એકત્ર કરવા ભાગ પાડવા નામ શેષ (ખંડેર) કરવા ધંધાકીય (બીન રહેણાંક) કરવા તથા નંબર કમી કરવા આવેલ અરજી નંબર ૧ થી ૬૯ સુધીની અરજીઓની ઝોનલ ઓફીસરની મારફતે સ્થળ તપાસનો રીપોર્ટ – મુજબની ચીફ ઓફીસરની મારફતે રજુ થયેલ સદરહુ અરજીઓમાં નિયમ મુજબ ફેરફાર કરવા તથા આકારણી રજીસ્ટરે તથા ડીમાન્ડ રજીસ્ટરમાં સુધારા મંજુર તથા તે માટે ચીફ ઓફીસરશ્રીને અધિકૃત કરવામાં આવે છે.

સહી. અશોકભાઈ વાસુદેવભાઈ કાછીયા
ચેરમેન
એકઝીકયુટીવ કમીટી
ખંભાત નગરપાલિકા, ખંભાત

સહી. રાજેશભાઈ ગુણવંતલાલ રાણા
સહી. ભુપેન્દ્રભાઈ જશુભાઈ પટેલ
સહી. ઉષાબેન પ્રકાશભાઈ બારૈયા
સહી. મનિષકુમાર બેચરલાલ ઉપાધ્યાય
સહી. દિગ્વિજયસિંહ પ્રભાતસિંહ પરમાર

**<u>ખંભાત નગરપાલિકા, ખંભાત.</u>**

**<u>એકઝીયુટીવ કમીટી ઠરાવ નંબર. ૨૫૦</u>**

**<u>તારીખ.૧૪–૧૨–૨૦૨૧</u>**

આગળનો કર્મચારી રીપોર્ટ તથા ચીફ ઓફીસર સાહેબની ભલામણ વંચાણમાં લેતા સ્થભતીર્થ કોમ્પલેક્ષમાં નોન એ.સી.હોલની સામે આવેલ સ્યુટ રૂમમાં ૧ નંગ એ.સી.માં ગેસ પૂરાવાનો તથા બી.સી.બી.(સર્કીટ)માં ખરાબી થયેલ હોય તેમાં સદર કામગીરી રીપેરીંગ કરાવવા માટે સ્થભતીર્થ કોમ્પલેક્ષનાં કર્મચારીએ ચેક કરાવેલ તેમને રીપેરીંગ કરવાનો અંદાજીત ખર્ચ ૧૫૦૦/રૂ. બતાવેલ હોય તો સદર કામગીરી કરાવવા મંજુર કરવામાં આવે છે. તથા તેનો રીપેરીંગ કરવામાં થયેલ ખર્ચ રોકડસિલકમાંથી ચુકવવા મંજુર કરવામાં આવે છે.

સહી. અશોકભાઈ વાસુદેવભાઈ કાછીયા
ચેરમેન
એકઝીકયુટીવ કમીટી
ખંભાત નગરપાલિકા, ખંભાત

સહી. રાજેશભાઈ ગુણવંતલાલ રાણા

સહી. ભુપેન્દ્રભાઈ જશુભાઈ પટેલ

સહી. ઉષાબેન પ્રકાશભાઈ બારૈયા

સહી. મનિષકુમાર બેચરલાલ ઉપાધ્યાય

સહી. દિગ્વિજયસિંહ પ્રભાતસિંહ પરમાર

# ખંભાત નગરપાલિકા, ખંભાત.
## એકઝીયુટીવ કમીટી ઠરાવ નંબર.૨૫૧
## તારીખ.૧૪–૧૨–૨૦૨૧

આગળનો રીપોર્ટ તથા ચીફ ઓફીસર સાહેબની ભલામણ વંચાણમાં લેતા તારીખ.૦૪–૧૧–૨૧ને ગુરૂવારના રોજ લાઈટવિભાગમાં કામ કરતા નરેશભાઈ બી. રાણા સ્ટ્રીટલાઈટ રીપેરીંગ કરવા લાલબાગમાં ગયેલ તે પોલ પર સીડી ફરી જતા સદર કર્મચારી નીચે પડી ગયેલ હોવાથી ને તરત જ સદર કર્મચારીને જનરલ હોસ્પિટલમાં સારવાર માટે લઈ ગયેલ ત્યારે તેમને એકસ–રે તથા સીટીસ્કેન ડોકટરશ્રીએ કરાવેલ ને કર્મચારીને હાલમાં પગમાં પાટો બાંધી તેમને સોમવારે ફરીવાર બતાવવા જણાવેલને ઘેર મોકલેલ જે કર્મચારીને તે દિવસ ૩૫૦૦થી ૪૦૦૦ હજારનો દવામાં ખર્ચ થયેલ છે.

જનરલ હોસ્પિડલના ડોકટરશ્રી વી.સી.પટેલ સાહેબે સોમવારના રોજ બતાવવા જણાવેલ ડોકટર સાહેબના જણાવ્યા મુજબ તારીખ.૦૮–૧૧–૨૧ના રોજ બતાવવા ગયેલ ત્યારે તેમને ફરીવાર એકસ–રે તથા સીટીસ્કેન કરાવેલ તેમાં ડોકટરશ્રીએ જોતા સદર પગની એડીમાં ઓપરેશન કરાવવાની જરૂરત છે તેમ જણાવેલ પગમાં સોજો હોવાથી સોજો ઉતારીયા બાદ જ ઓપરેશન કરવામાં આવશે.

લાઈટવિભાગના કર્મચારી નરેશભાઈ બી.રાણાને પગની એડીમાં ખૂબજ દુખાવો થતો હોવાથી તે તારીખ.૦૯–૧૧–૨૧ના રોજ જનરલ હોસ્પિટલમાં દાખલ થયેલ હતા ને તેમનું તારીખ.૧૧–૧૧–૨૧ના રોજ બપોરે ૨–૦૦કલાકે ઓપરેશન માટે લઈ ગયેલ છે.સદર કર્મચારી ખુબજ મહેનતુ છે ને કોઈ પણ કામગીરીમાં પણ ખૂબ જ મહેનત કરે તેવા કર્મચારી ને આવુ થયેલ છે ને તે કર્મચારી ખુબ જ સાધારણ હોવાથી તે કર્મચારી ચાલુ ફરજ દરમ્યાન ઈલેકટ્રીક પોલ પરથી પડેલ હોવાથી તે કર્મચારીને દવાનો તથા ઓપરેશન માં થયેલ ખર્ચ નીચે જણાવેલ છે.

| અં.નં. | બીલ/તારીખ | વિગત | રકમ |
|---|---|---|---|
| (૧) | ૨૩૧૨/૪/૧૧/૨૧ | સીટી સ્કેન(એકસ–રે હાઉસ) | 1500.00 |
| (૨) | ૩૨૯૨૪/૪/૧૧/૨૧ | મેડીકલ દવાઓ (જનરલ હોસ્પિ.મેડીકલ સ્ટોર) | 390.00 |
| (૩) | ૨૩૨૫/૮/૧૧/૨૧ | સીટી સ્કેન(એકસ–રે હાઉસ) | 3000.00 |
| (૪) | ૩૩૩૫૧/૮/૧૧/૨૧ | મેડીકલ દવાઓ (જનરલ હોસ્પિ.મેડીકલ સ્ટોર) | 199.00 |
| (૪) | TI-૩૦૧૫/ ૮/૧૧/૨૧ | હોસ્પિટલમાંથી ડીસચાર્જ કરેલ તે બીલ(કેમ્બે જનરલ હોસ્પિટલ) | 6001.00 |
| | | | 11090.00 |

ઉપરોકત જણાવેલ લાઈટવિભાગનાં કર્મચારી નરેશભાઈ બી.રાણા ૦૪–૧૧–૨૧ને ગુરૂવારના રોજ ચાલુ ફરજ દરમ્યાન સ્ટ્રીટલાઈટ રીપેરીંગ કામગીરીમાં પોલ ઉપરથી પડી ગયેલ તેમને ઉપરોકત ઓપરેશનમાં તથા દવામાં ખર્ચ થયેલ તે મંજુર રાખવામાં આવે છે. તથા તે કર્મચારીને ઓપરેશનમાં તથા દવામાં થયેલ ખર્ચ રોકડ સિલક માંથી ચુકવવા મંજુર કરવામાં આવે છે.

સહી. અશોકભાઈ વાસુદેવભાઈ કાછીયા
ચેરમેન
એકઝીકયુટીવ કમીટી
ખંભાત નગરપાલિકા, ખંભાત

સહી. રાજેશભાઈ ગુણવંતલાલ રાણા
સહી. ભુપેન્દ્રભાઈ જશુભાઈ પટેલ
સહી. ઉષાબેન પ્રકાશભાઈ બારૈયા
સહી. મનિષકુમાર બેચરલાલ ઉપાધ્યાય
સહી. દિગ્વિજયસિંહ પ્રભાતસિંહ પરમાર

# ખંભાત નગરપાલિકા, ખંભાત
## એકઝીકયુટીવ કમીટી ઠરાવ નંબર.૨૫૨
## તારીખ. ૧૪–૧૨–૨૦૨૧

ઉપરોકત રીપોર્ટની વિગત અને ચીફ ઓફીસરશ્રીની ભલામણ વંચાણમાં લેતા ખંભાત નગરપાલિકા હસ્તકનું વિવેકાનંદ કોમ્પ્લેક્ષ શોપીગ સેન્ટર ફર્સ્ટ ફલોર દુકાન નંબર. ૧૨ જેનો મ્યુનીસીપલ બ્લોક નંબર. બી૦૧૨૨/બી૧૨ વાળી દુકાન હાલમાં જગદીશચંદ્ર પરસોતમદાસ પટેલ રહેવાસી ૯/એ શિવકૃપા, એચ વિંગ, જુના નાગરદાસ, ક્રોસ રોડ, ગોર્વધનનાથજીની હવેલી સામે, અંધેરી, ઈસ્ટ મુંબઈ–૪૦૦૦૬૯ ના નામે છે.

સદર દુકાન તેઓ એ ભૌતિક પ્રકાશભાઈ શાહ રહેવાસી દંતારવાડો, મુ. ખંભાત તા. ખંભાત જી. આણંદના નામે ટ્રાન્સફર કરવા માટે સ્ટેમ્પ પેપર ઉપર સોગંદનામું કરી અસલ પેપર્સ સાથે રાખી નગરપાલિકામાં તારીખ.૧૩–૧૨–૨૦૨૧ ના રોજ દુકાનમાં નામ ટ્રાન્સફર કરવા અરજી આપેલ છે.

જેમાં એકઝીકયુટીવ કમીટી ઠરાવ નંબર. ૩૩૦ તારીખ.૨૦–૧૨–૨૦૧૩ તથા જનરલ બોર્ડ ઠરાવ નંબર. ૫૩ તારીખ. ૩૦–૦૧–૨૦૧૪ ની પોલીસી મુજબ દુકાનમાં નામ ટ્રાન્સફર કરવાની ફી રૂપીયા. ૨૫,૦૦૦/– અંકે રૂપીયા પચ્ચીસ હજાર પુરા તથા માસીક લાયસન્સ ફીમાં ૨૫% (પચ્ચીસ) ટકા પ્રમાણે થતો વધારો ભરવાની શરતે દુકાન નંબર. ૧૨ જેનો મ્યુનીસીપલ બ્લોક નંબર. બી૦૧૨૨/બી૧૨ વાળી દુકાનમાં ભૌતિક પ્રકાશભાઈ શાહ ના નામે નીચેની શરતોને આધીન ટ્રાન્સફર કરવા મંજુર

## શ ર તો

(૧) સદર દુકાનો માસીક લાયસન્સ ફી થી આપેલ છે.

(૨) સદર દુકાનનો લાયસન્સનો મહીનો દર અંગ્રેજી મહીનાની પહેલી(૧)તારીખે શરૂ થઈ તે જ મહીનાની આખર તારીખે પુરો થયેલો ગણાવાનો છે.

(૩) સદર દુકાનનું માસિક લાયસંસ ફી રૂપીયા.<u>૬૦૫/–અંકે રૂપીયા છસ્સો પાંચ પુરા</u> પ્રમાણે નકકી કરવામાં આવ્યું છે.

(૪) માસીક લાયસંસ ફી નિયમસર ચઢે ચઢયું આપવાનું રહેશે અને તે મુજબના ના આપે તો મ્યુનીસીપાલીટી કબજો લઈ શકે છે.

(૫) દુકાન ભાડે રાખનાર ઈસમ દુકાન પેટા ભાડવાતને આપી શકશે નહી અગરતો ભાડવાતને હકક, ગીરો, દાન, વીલ, બક્ષીસ, અગર બીજી કોઈપણ રીતે બીજાને આપી શકશે નહી તેમ છતાં પણ આ શરતોનો ઉલ્લંધન કરી મ્યુની.ની લેખીત પરવાનગી સિવાય દુકાન બીજાને આપવામાં આવશે અગર પોતાની સાથે બીજાને પેટા ભાગીદાર તરીકે મ્યુની.ની લેખીત સંમતી સિવાય રાખવામાં આવશે તો મ્યુની. તે દુકાન ખાલી કરાવશે અથવા મ્યુની. જે કાંઈ નિર્ણય લેશે તે નિર્ણય ભાડવાતને તથા લાગતા વળગતાને બંધનકર્તા રહેશે.

(૬) સદર દુકાન રાખનારે અંગ્રેજી મહીનાની (૧)પહેલી તારીખથી (૧૮) અઢારમી તારીખ સુધીમાં એડવાન્સ લાયસન્સ ફી નગરપાલિકામાં જમા કરાવવાની રહેશે. મુદતમાં લાયસંસ ફી નહી ભરે તો લાયસન્સ ફી માં દશ(૧૦)ટકા પેનલ્ટી આપવાની રહેશે. પરંતુ જયાં પેનલ્ટીની શરત કરારમાં હશે તો ત્યાં મુજબની શરતનો અમલ ચાલુ રહેશે. જયાં શરત ના હોય ત્યાં દશ(૧૦)ટકા પેનલ્ટી આપવાની રહેશે. તેમજ કોઈપણ ત્રણ (૩) માસની લાયસન્સ ફી બાકી રહેશે તો નગરપાલિકા લાયસન્સનો કરાર રદ કરી શકશે અને નગરપાલિકા અધિનિયમની જોગવાઈ અનુસાર કબજો મેળવવા / લેવા હકકદાર રહેશે

(૭) સદર દુકાનની લાયસન્સનો કરાર અંગ્રેજી નવ (૦૯) વર્ષની મુદત માટે રહેશે અને ૦૯ (નવ) વર્ષ પુર્ણ થયા પહેલા જે તે દુકાનદારે લાયસંસ રીન્યુ કરવા અંગેની જવાબદારી રહેશે. છતાં પણ તેમુજબ નહી વર્તનાર સામે આ શરતનો ભંગ થયેથી દુકાનનો કબજો પરત લેવા નગરપાલિકા હકકદાર રહેશે.

(૮) સદર દુકાન હરાજીથી આપેલ દુકાન નવ (૦૯) વર્ષ બાદ પુનઃરીન્યુ કરવા માટેની લાયસન્સ ફી નો ૨૫ (પચીસ) ટકાનો વધારો કરેલ છે. તે લાયસન્સી અંગ્રેજી દર બે (૦૨)વર્ષ બાદ માસીક લાયસન્સ ફી માં દશ (૧૦) ટકાનો વધારો કરવામાં આવશે.

(૯) સદર દુકાનની ઉપરનો કારપેટ એરીયા નગરપાલિકા માલીકીનો રહેશે અને દુકાનની ઉપરનો કારપેટ એરીયા નગરપાલિકાની માલીકી અને કબજાનો રહેશે.

(૧૦) લાયસંસદાર ભવિષ્યમાં દુકાન ટ્રાન્સફર કરવા ઈચ્છે તો તેની નામ ટ્રાન્સફર ફી રૂપીયા.૨૫,૦૦૦/– તથા જે દુકાનની માસીક લાયસન્સ ફી હોય તેને પચાસ ગુણતાં રૂા.૨૫,૦૦૦/– કરતાં વધારે થતી હોય તે દુકાનની ટ્રાન્સફર ફી રૂા. ૫૦,૦૦૦/– તથા જે તે વર્તમાન સમયે જે લાયસન્સ ફી હશે તેમાં ૨૫ (પચ્ચીસ) ટકાનો વધારો થશે તથા વારસાઈથી દુકાનમાં નામ ટ્રાન્સફર ફી ના રૂપીયા.૫૦૦૦/–પાંચ હજાર પુરા તથા દુકાનમાંથી ભાગીદાર નામ કમી કરવાના રૂપીયા.૫૦૦૦/– આપવાના રહેશે જે કોઈ પોલીસી નગરપાલિકા વખતો વખત નકકી કરે તે ભરી અન્યને નામે ટ્રાન્સફર કરી શકશે અને તે મુજબનો જરૂરી કરાર ટ્રાન્સફર કરાવનાર ઈસમે – ભોગવવાનો રહેશે.

(૧૧) લાયસન્સ ફી થી આપેલ દુકાનમાં નગરપાલિકાની પ્રોપર્ટી અથવા જાહેર હીતને કોઈ પણ જાતનું નુકશાન થાય તેવો કોઈપણ પ્રકારનો ધંધો કે વ્યવસાય કરવા – દેવામાં આવશે નહી અને કરી શકશે પણ નહીં.

(૧૨) હાલમાં હોય તે તેમજ ભવિષ્યમાં નવા પડે અગર ફેરફારથી વધે તેવા તમામ પ્રકારના મ્યુની.ના તથા કેન્દ્ર / રાજય સરકારશ્રી તરફથી જાહેર કરવામાં આવે તે તમામ વેરાઓ ભરવાની જવાબદારી લાયસંસ ફી થી રાખનાર ઈસમની રહેશે.

(૧૩) દુકાનની અંદર સમાજ વિરૂધ્ધ કાંઈપણ પ્રવૃત્તિ કરવા દેવામાં આવશે નહીં. સદરહુ

પ્રવૃત્તિ સમાજ વિરૂધ્ધ છે કે નહી તે અંગે મ્યુની. નો નિર્ણય છેવટનો ગણાશે.

(૧૪) દુકાન લાયસંસ ફી થી રાખનારે અવિભાજય શરતોથી દુકાન લાયસંસ ફી થી લેવાની છે અને ધારણ કરવાની છે.

(૧૫) સદર લાયસંસ ફી થી આપેલ દુકાનમાં નુકશાન થાય તેવું કૃત્ય લાયસંસદાર કરી શકશે નહીં તેમ છતાં પણ નુકશાન કરેલું માલુમ પડશે તો નુકશાનીના નાણાં અંગે લાયસંસદાર જવાબદાર રહેશે. તે અંગેના નુકશાનીની તમામ રકમ નગરપાલિકામાં જમા કરાવવાના રહેશે.

(૧૬) લાયસંસનો કરાર કરાવવાનો તમામ ખર્ચ જેવો કે સ્ટેમ્પ ખર્ચ, લખામણી ફી વિગેરે લાયસન્સદારે ભોગવવાનો રહેશે. તે અંગે નગરપાલિકાએ કોઈપણ જાતનો ખર્ચ કરવાનો રહેશે નહીં.

(૧૭) ગુજરાત નગરપાલિકા અધિનિમય ૧૯૬૩ નીચે જે રીતે ટેક્ષ વસુલાત કરી શકાય છે તે રીતે લાયસન્સ ફી ની રકમ પણ ટેક્ષ છે તેમ ગણી નગરપાલિકા વસુલ કરી શકશે અને તે બાબતમાં લાયસન્સ ફી થી રાખનારની કોઈ તકરાર ચાલશે નહી.

(૧૮) આ દુકાનમાં હોટેલ, વીશી ભઠ્ઠીઓનો વેપાર તથા સગડી વિગેરે વાપરી તેઓ કોઈ ધંધો મ્યુનીસીપાલીટીની સંમતી સિવાય લાયસન્સફી થી રાખનાર કરી શકશે નહીં.

(૧૯) નગરપાલિકાની લેખીત પરવાનગી સિવાય દુકાનમાં રીપેરીંગકામ, રંગકામ, સુધારો-વધારો કરી શકાશે નહીં અને તે અંગેનો જે કોઈ ખર્ચ આવે તે તમામ ખર્ચ લાયસંસ–દારે પોતાને ભોગવવાનો રહેશે. અને આ અંગે નગરપાલિકાની લેખીત મંજુરી લીધા બાદ જ કામ કરવાનું રહેશે.

(૨૦) દુકાન લાયસંસ ફી થી રાખનાર ભાગીદારી પેઢી હશે તેવા પ્રસંગે ભાગીદારો પૈકી જે કોઈ ભાગીદાર ધંધો છોડી દે અથવા ભાગીદાર જાય ત્યારે બાકી રહેતા ભાગીદારો પાસે આ દુકાન બાકી મુદત માટે રહેવા દેવામાં આવશે. પરંતુ આવા પ્રસંગે તેઓએ નવેસરથી નીયમ મુજબનો કરાર તેમના ખર્ચે કરી આપવાનો રહેશે અને તે કરાર ન કરે ત્યાં સુધીની જવાબદારી તમામ ભાગીદારો અથવા તો પૈકીના કોઈ ઈસમની રહેશે

(૨૧) દુકાન લાયસંસફી થી રાખનાર શખ્સ અગર તેનો ભાગીદાર અથવા તેમનો નોકર મ્યુની. એ ઠરાવેલ શરતો પૈકી કોઈપણ શરતોનું ભંગ કરે તો મ્યુની. દુકાનનો કબજો કોઈપણ જાતની નોટીસ આપ્યા સિવાય પરત લેવાનો અધિકાર છે.

(૨૨) નગરપાલિકાના એકઝીકયુટીવ કમીટી ઠરાવ નંબર.૮૬ તારીખ.૧૭–૦૫–૨૦૦૦ ના રોજ કરેલ શરતોમાં આ શરતમાં ન આવતી તમામ શરતો લાગુ પડશે તે મુજબ બીજી તરફવાળાએ અમલ કરવાનો રહેશે.

(૨૩) નગરપાલિકાના એકઝીકયુટીવ કમીટી ઠરાવ નંબર.૩૪૧તારીખ.૧૯–૦૧–૨૦૧૬ન રોજ કરેલ શરતોમાં આ શરતોમાં ન આવતી તમામ શરતો અને વિગતો લાગુ પડશે.

(૨૪) સદર દુકાનની લાયસન્સનો કરાર અંગ્રેજી નવ (૦૯) વર્ષની મુદત માટે રહેશે.

(૨૫) સદર દુકાનમાં બીજી તરફવાળાથી સળગી ઉઠે તેવા જવાળાગ્રાહી પદાર્થો વિ. ભરી શકાશે નહી તેમજ ધંધો કરી શકાશે નહી તેમ કરો પણ દુકાનને કાંઈપણ નુકશાન કરવામાં આવશે તો તેની નુકશાનીના નાણાં એક તરફવાળાને ભરપાઈ કરવા માટે બીજી તરફવાળા જવાબદાર રહેશે.

(૨૬) સદરુહ મીલકતનો કબજો મ્યુની.ને કોઈપણ સંજોગોમાં કરારની મુદત દરમ્યાન લેવાનું વ્યાજબી જણાય તો મીલકતનો કબજો ગુજરાત મ્યુની. એકટ ધારાની રૂઈએ લેવા મ્યુની. ને હકક છે.

(૨૭) કરારની મુદત પુરી થયા બાદ મીલકતનો કબજો અમો બીજી તરફવાળા એક તરફ વાળાને હવાલે કરીશું અને એક તરફવાળાને લેખીત સંમતી સિવાય કબજો રાખીશું નહી અને તેવા પ્રસંગે ભાડા ચીઠ્ઠીનો નવો કરાર અમો બીજી તરફવાળા કરી આપવા જવાબદાર છીએ.

(૨૮) આ સિવાય કોઈપણ વધારાની શરત ઉમેરવાની થાય તો નગરપાલિકા તેવી શરતો ઉમેરી શકશે. તે મુજબ વર્તવાની લાયસન્સીની જવાબદારી રહેશે.

(૨૯) ઉપરની શરતો પૈકીની કોઈપણ શરતનું અમો બીજી તરફવાળા ભંગ કરીએ તો તેવે પ્રસંગે એક તરફ વાળા અમો બીજી તરફવાળાએ લાયસંસ ફી થી રાખેલી મીલકતનો કબજો કાયદા મુજબ મ્યુનીસીપાલીટી ના ધારાધોરણ મુજબ કબજો લેવા એક તરફ– વાળાને અધિકાર છે અને તે અંગે થતાં તમામ ખર્ચ અમો બીજી તરફવાળા એક તરફ વાળાને વસુલ આપવા જવાબદાર છીએ પરંતુ તે પ્રસંગે મ્યુનીસીપાલટી એ તેની લેણી રકમ કાપી બાકી રહેતી ડીપોઝીટની રકમ પરત કરવાની રહેશે.

સહી. અશોકભાઈ વાસુદેવભાઈ કાછીયા
ચેરમેન
એકઝીકયુટીવ કમીટી
ખંભાત નગરપાલિકા, ખંભાત
સહી. રાજેશભાઈ ગુણવંતલાલ રાણા
સહી. ભુપેન્દ્રભાઈ જશુભાઈ પટેલ
સહી. ઉષાબેન પ્રકાશભાઈ બારૈયા
સહી. મનિષકુમાર બેચરલાલ ઉપાધ્યાય
સહી. દિગ્વિજયસિંહ પ્રભાતસિંહ પરમાર

**<u>ખંભાત નગરપાલિકા, ખંભાત</u>**

**<u>એકઝીકયુટીવ કમીટી ઠરાવ નંબર. ૨૫૩</u>**

**<u>તારીખ.૧૪–૧૨–૨૦૨૧</u>**

**આથી ઠરાવ કરવામાં આવે છે કે કતકપુર વિસ્તારમાં આવેલ કતકપુર વસવાટ યોજના જેનો રેવન્યુ સર્વે નંબર. ૪૧૭, ૪૨૬ તથા ૪૩૦ અને સીટી સર્વે નંબર.૩/૩૨૪૬ વાળી મીલકત તથા અન્ય મીલકતો નગરપાલિકા મારફતે વેચાણ દસ્તાવેજ કરવા માટે શ્રી ચેતનકુમાર પી. સોની ને સત્તા આપવામાં આવે છે.**

**સહી. અશોકભાઈ વાસુદેવભાઈ કાછીયા**

**ચેરમેન**

**એકઝીકયુટીવ કમીટી**

**ખંભાત નગરપાલિકા, ખંભાત**

**સહી. રાજેશભાઈ ગુણવંતલાલ રાણા**

**સહી. ભુપેન્દ્રભાઈ જશુભાઈ પટેલ**

**સહી. ઉષાબેન પ્રકાશભાઈ બારૈયા**

**સહી. મનિષકુમાર બેચરલાલ ઉપાધ્યાય**

**સહી. દિગ્વિજયસિંહ પ્રભાતસિંહ પરમાર**

# <u>ખંભાત નગરપાલિકા, ખંભાત</u>

## <u>એકઝીકયુટીવ કમીટી ઠરાવ નં.૨૫૪...</u>

## <u>તારીખ.૧૪–૧૨–૨૦૨૧</u>

આથી ઠરાવ કરવામાં આવે છે કે ખંભાત નગરપાલિકા ધ્વા ખંભાતની હદમાં આવેલ કતકપુર વિસ્તારમાં આવેલ રેવન્યુ સર્વે નંબર. ૪૧૭ + ૪૨૬ + ૪૩૦ વાળી જમીનમાં રહેણાંક માટેના પ્લોટો પાડી જે તે સમયે તેની યોજના મુજબ એલોટમેન્ટ કરવામાં આવેલું તે સમયે એવી શરત રાખવામાં આવેલ છે કે એલોટમેન્ટ થયા પછી જેને પ્લોટ ફાળવવામાં આવ્યો હોય અને તે દસ્તાવેજ કરાવતાં અગાઉ જો કોઈ અન્યનું નામ આપે તો નગરપાલિકા તે માન્ય રાખી કોઈપણ જાતની ફી – પ્રિમિયમ કે વસુલાત લીધા સિવાય પ્રથમ વખતનો નામ ફેર મંજુર રાખીને નામે રજીસ્ટર વેચાણ દસ્તાવેજ રાખનારના ખર્ચે કરી આપશે.

છેલ્લા કેટલાક સમયથી એવા કિસ્સા ધ્યાન ઉપર આવ્યા છે કે એક વખત નામ ફેર મંજુર રાખ્યા પછી પણ ફેરફાર મુજબ વેચાણ દસ્તાવેજ કરાવવામાં આવ્યો નથી જેથી નગરપાલિકાના નામ ઉપર તે રેકર્ડમાં ચાલે છે જયારે કે તે ફાળવી દેવામાં આવેલા છે.

આવા કીસ્સામાં એક નામ વિના મુલ્યે ટ્રાન્સફર કરવા મંજુરી આપ્યા બાદ હવે અન્ય નામે ટ્રાન્સફર કરાવવા પ્લોટ ધારકો રજુઆત અગર અરજ કરી રહેલ છે પરંતુ શરત મુજબ એક વખત વિના મુલ્યે ટ્રાન્સફર મંજુર રાખેલ હોઈ હવે પછી બીજુ નામ બદલવા માંગતા પ્લોટ ધારકો પાસેથી પેનલ્ટી / વહીવટી ખર્ચ પેટે રૂપીયા ૧૦,૦૦૦/– અંકે રૂપીયા દસ હજાર પુરા નગરપાલિકામાં જમા કરાવેથી બીજા ફેરફાર મુજબનો દસ્તાવેજ નગરપાલિકા લેનારના ખર્ચે એટલે હાલમાં ખંભાત શહેરમાં અશાંત ધારો લાગે હોવાથી અશાંત ધારાની મંજુરી ને લગતી તમામ કાર્યવાહી, દસ્તાવેજ લખામણી રજીસ્ટ્રેશન ફી, ઓન લાઈન ટોકન વિગેરેનો તમામ લેનારે કરવાનો રહેશે. જો આવા એકથી વધુ ફેરફારો કરવાના થતાં હોય તો દરેક ફેરફાર દીઠ રૂપીયા. ૧૦,૦૦૦/– અંકે રૂપીયા દસ હજાર પુરા પ્રમાણે અલગ અલગ ગણવાના રહેશે.

મુળ શરતોમાં ફેરફાર માટેનો હકક નગરપાલિકાને સ્વાધીન રખાયેલ હોઈ ઉપર મુજબનો ફેરફાર, ઠરાવ મંજુર કરવામાં આવે છે અને આ અંગે આવા કોઈ નામ ફેરફારની અરજીઓ આવી હોય કે આવે તેમાં ઉપર મુજબ વર્તવા અને ઠરાવમાં જણાવેલ રકમ વસુલ કરવા આથી ઠરાવવામાં આવે છે.

સહી. અશોકભાઈ વાસુદેવભાઈ કાછીયા

ચેરમેન

એકઝીકયુટીવ કમીટી

ખંભાત નગરપાલિકા, ખંભાત

સહી. રાજેશભાઈ ગુણવંતલાલ રાણા

સહી. ભુપેન્દ્રભાઈ જશુભાઈ પટેલ

સહી. ઉષાબેન પ્રકાશભાઈ બારૈયા

સહી. મનિષકુમાર બેચરલાલ ઉપાધ્યાય

સહી. દિગ્વિજયસિંહ પ્રભાતસિંહ પરમાર

# ખંભાત નગરપાલિકા, ખંભાત
## એકઝીકયુટીવ કમીટી ઠરાવ નંબર. ૨૫૫
## તારીખ.૧૪–૧૨–૨૦૨૧

આથી ઠરાવ કરવામાં આવે છે કે ખંભાત નગરપાલિકા એ કતકપુર વિસ્તારમાં આવેલ રેવન્યુ સર્વે નંબર. ૪૧૭, ૪૨૬ તથા ૪૩૦ માં આવેલ વસવાટ યોજના બનાવેલ હતી જેમાં પ્લોટ નંબર. ૩૪૭ ગોપાલભાઈ સોમાભાઈ વાઘરીને પ્લોટની ફાળવણી કરેલ છે અને તે રકમ જમા થયેલ છે તેઓની દસ્તાવેજ કરવા માટે નાણાંકીય પરિસ્થિતિ સારી નહી હોવાથી તેઓએ આજ દીન સુધી દસ્તાવેજ કરાવેલ નથી તેઓની આવેલ તારીખ. ૧૬–૧૧–૨૦૨૧ ની અરજી આવેલ છે તે અંગે તેઅને ઉપરોકત જણાવેલ પ્લોટ નંબરનો દસ્તાવેજ કરી આપવા મંજુર આ અંગેનો દસ્તાવેજનો ખર્ચ એફીડેવીટ વિગેરેનો તમામ ખર્ચ અરજદારે કરવાનો રહેશે.

સહી. અશોકભાઈ વાસુદેવભાઈ કાછીયા
ચેરમેન
એકઝીકયુટીવ કમીટી
ખંભાત નગરપાલિકા, ખંભાત

સહી. રાજેશભાઈ ગુણવંતલાલ રાણા
સહી. ભુપેન્દ્રભાઈ જશુભાઈ પટેલ
સહી. ઉષાબેન પ્રકાશભાઈ બારૈયા
સહી. મનિષકુમાર બેચરલાલ ઉપાધ્યાય
સહી. દિગ્વિજયસિંહ પ્રભાતસિંહ પરમાર